## તા.05-09-2023ના રોજ મળેલી બોર્ડ ઓફ સ્ટડીઝનો (સભા નં.1) અહેવાલ

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની વર્ષ 2023-24ની બોર્ડ ઓફ સ્ટડીઝની પ્રથમ સંયુક્ત સભા તા.05-09-2023ને મંગળવારના રોજ 09.30 કલાકે મા. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ખાતે પી.એમ.મહેતા,ઓડીટોરીયમ, ITRA, જામનગર માં યોજવામાં આવેલ. જેમાં નીચે મુજબના બોર્ડ ઓફ સ્ટડીઝનાં સદસ્યશ્રીઓ તેમજ મા.કુલપતિશ્રીના આદેશાનુસાર નીચે જણાવેલ આમંત્રિત બી.ઓ.જી સભ્યશ્રીઓ, એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓ તેમજ એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈધ ભરતભાઇ કલસરિયા, સરકારી આયુર્વેદ કોલેજ,વડોદરા
2. વૈધ શ્રેયસભાઇ ભાલોડીયા, ગ્લોબલ આયુર્વેદ કોલેજ,રાજકોટ
3. વૈધ અલ્પેશભાઇ જારસાણીયા, સરકારી આયુર્વેદ કોલેજ,જુનાગઢ

(1) **બોર્ડ ઓફ સંહિતા સિદ્ધાંત - સંસ્કૃત**

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય મહેશચંદ્ર રેવરમલ ગુપ્તા
2. વૈદ્ય કિશોરભાઈ ગોબરભાઈ સતાણી
3. વૈદ્ય પૂજા બદાણી
4. વૈદ્ય જય આર. મોરધરા
5. વૈદ્ય રાકેશ ચાંગાંણી
6. રાહુલકુમાર બોરીસાગર
7. ઉષાબા વિજયસિંહ ચુડાસમા

(2) **બોર્ડ ઓફ રચનાશારીર**

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય ગિરિરાજ શર્મા
2. વૈદ્ય ગુરવ ગર્જેન્દ્ર ગંગાધર
3. વૈદ્ય ઓમકાર સંગ્રામ બર્ગે
4. વૈદ્ય દિપકકુમાર શ્રીમાળી
5. વૈદ્ય પ્રકૃતિ વ્યાસ

(3) **બોર્ડ ઓફ ક્રિયાશારીર**

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય કમલેશ શર્મા
2. વૈદ્ય રાકેશ રમેશચંદ્ર પારાશર

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

3. વૈદ્ય યશેષ પટેલ
4. વૈદ્ય સુનિલ બી. રાપોલુ
5. વૈદ્ય ભરતકુમાર જે. નાગોથા

(4) બોર્ડ ઓફ દ્રવ્યગુણ વિજ્ઞાન

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય ધર્મેન્દ્ર પ્રવિણભાઈ જાની
2. વૈદ્ય યોગેશ દેસાઈ
3. વૈદ્ય મનોજકુમાર જી. ટીંબડિયા
4. વૈદ્ય નેહા એ. પરમાર

આ સભામાં નીચે મુજબનાં સભ્ય અનુપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય હરિઓમ નારાયણ પ્રસાદ ગુપ્તા

(5) બોર્ડ ઓફ રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય રાજેશ બરવાળિયા
2. વૈદ્ય શિવાનંદ બિરાદર
3. વૈદ્ય રાહુલ કે. શિંગડીયા
4. વૈદ્ય કૃતિ વ્યાસ

આ સભામાં નીચે મુજબનાં સભ્ય અનુપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય મમતા પરીખ

(6) બોર્ડ ઓફ અગદતંત્ર અને વિધિવૈદ્યક

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય સંતોષી માને
2. વૈદ્ય અભિષેક કગથરા
3. વૈદ્ય શારદા હનુમન્તરાવ મોરે
4. વૈદ્ય નિશાંત ભિમરાજ બારાપત્રે

આ સભામાં નીચે મુજબનાં સભ્ય અનુપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય ગજાનન દિલિપરાવ ચાટુફળે

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

(7) બોર્ડ ઓફ સ્વસ્થવૃત્ત

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય પાર્થિવ જી. ભટ્ટ
2. વૈદ્ય જાસ્મિનકુમાર વિરમગામી
3. વૈદ્ય કુણાલસિંહ ઠાકોર
4. વૈદ્ય રાકેશ શુક્લા
5. વૈદ્ય દૃષ્ટિ ડી. કામંડ

(8) બોર્ડ ઓફ રોગનિદાન અને વિકૃતિવિજ્ઞાન

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય સારિકા પટેલ
2. વૈદ્ય રીમ્પલ રમેશભાઈ વીરસોડીયા
3. વૈદ્ય જયકૃષ્ણ બીપીનચંદ્ર જાની
4. વૈદ્ય કેતકી એ. ઓરંગાબાદકર
5. વૈદ્ય નિર્મલકુમાર આલોદરીયા

(9) બોર્ડ ઓફ કાયચિકિત્સા

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય ભરતકુમાર આંબાભાઈ મુંગરા
2. વૈદ્ય અનામિકા સુરેન્દ્ર સોની
3. વૈદ્ય રચના એ. ગાંધી
4. વૈદ્ય જતીન વ્યાસ

આ સભામાં નીચે મુજબનાં સભ્ય અનુપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય તુષારકુમાર

(10) બોર્ડ ઓફ પંચકર્મ

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય જીગીષા મનહરભાઈ પટેલ
2. વૈદ્ય રોહિણી રાકેશ સાલ્વે
3. વૈદ્ય મૈત્રય મણિયાર
4. વૈદ્ય રાજદીપ રાજેશભાઈ રાવ
5. વૈદ્ય શ્રીજા માવાણી

Gujarat Ayurved University ACADEMIC Jamnagar

(11) બોર્ડ ઓફ પ્રસુતિતંત્ર અને સ્ત્રીરોગ

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય નીપા અલ્પેશ જારસાણીયા
2. વૈદ્ય હેમાંગી વસંતભાઈ બલદાણીયા
3. વૈદ્ય યોગેશ મનાણી
4. વૈદ્ય પ્રદિપ રવીન્દ્ર કિનગે

આ સભામાં નીચે મુજબનાં સભ્ય અનુપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય શચિ હેમંતકુમાર પંડ્યા

(12) બોર્ડ ઓફ કૌમારભૃત્ય

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય મયંક મણિયાર
2. વૈદ્ય ભારવી બંસીલાલ ત્રિવેદી
3. વૈદ્ય કિંજલ પંચાલ
4. વૈદ્ય કિંતીબેન રાઠોડ
5. વૈદ્ય મિરલ ડોબરીયા

(13) બોર્ડ ઓફ શલ્યતંત્ર

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય વિપુલકુમાર વાલજીભાઈ પટેલ
2. વૈદ્ય લલિત જેરામભાઈ પાણખાણિયા
3. વૈદ્ય કૈલાશ ચોપડે
4. વૈદ્ય હેમંતકુમાર કિશોરકુમાર કુંબાવત

આ સભામાં નીચે મુજબનાં સભ્ય અનુપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય જિજ્ઞાબેન રતીલાલ પટેલ

(14) બોર્ડ ઓફ શાલાક્યતંત્ર

આ સભામાં નીચે મુજબનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

1. વૈદ્ય કિરણ રાજ
2. વૈદ્ય વર્ષાબેન ચૌધરી
3. વૈદ્ય ક્રિષ્ના માકડીયા
4. વૈદ્ય કુણાલ ચંદાણા
5. વૈદ્ય પિયુષ એચ. અગ્રાવત

Gujarat Ayurved Uni. ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

14 બોર્ડની સંયુક્ત સભા સૌપ્રથમ પી.એમ.મહેતા, ઓડીટોરીયમમાં માન.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને શરૂ કરવામાં આવી.

સૌપ્રથમ ડો.અશોક ચાવડા, ઇ.કુલસચિવશ્રીએ આવેલ સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કર્યુ અને 14 બોર્ડ ઓફ સ્ટડીઝની સંયુક્ત ખાસ સભા યોજવા માટેના કારણો સહિતની વિગતોથી સૌને વાકેફ કરવામાં આવેલ.

બોર્ડ ઓફ સ્ટડીઝનાં ઉપસ્થિત સર્વે ચેરમેનશ્રીઓને મંચ પર આમંત્રિત કરીને ભાવી આયોજન વિશે સંબોધન આપવામાં આવેલ.

આમંત્રિત બી.ઓ.જી સભ્યશ્રીઓ, એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓ તેમજ એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડના સભ્યશ્રીઓએ પ્રાસંગિક સંબોધન કરેલ.

માન.કુલપતિશ્રીએ સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કર્યુ અને આ સંયુક્ત સભામાં કઇ રીતે કામગીરી હાથ ધરવાની રહે છે. તેની વિસ્તૃત છણાવટ કરી માર્ગદર્શન આપેલ.

સંયુક્ત સભા બાદ બોર્ડના મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા માટે માન.કુલપતિના માર્ગદર્શન મુજબ જુદા જુદા બોર્ડનાં એજન્ડા અનુસારની કામગીરી બપોરે 03:00 કલાકે સિન્ડીકેટ હોલ,ચાણક્ય ભવન ખાતે લગત વિષય મુજબના ગ્રુપોમાં શરૂ કરવામાં આવી.

**બોર્ડમાં નીચે મુજબની કામગીરી થયેલ અને નીચે મુજબની ભલામણો કરવામાં આવેલ.**

(1) <u>બોર્ડ ઓફ સંહિતા સિદ્ધાંત – સંસ્કૃત:</u>

I. વૈદ્ય કિશોર સતાણી, રીડર, શેઠ જે.પી.આયુર્વેદ કોલેજ ભાવનગરને કન્વીનર તરીકે નિમણૂક કરવામા આવેલ.
II. પ્રિન્સિપાલની સહી વર્તમાન તમામ જર્નલ્સમાંથી દૂર કરવી જોઇએ.
III. જર્નલના પ્રમાણપત્રમાં આંતરિક અને બાહ્ય પરીક્ષકનું નામ સામાન્ય રાખવું જોઈએ.
IV. સંહિતા વિભાગ હેઠળની જર્નલ અપડેટ અથવા રિવિઝન માટે વિવિધ કોલેજોની ટીચિંગ ફેકલ્ટીને મોકલવામાં આવશે.
V. યુનિવર્સિટીની વેબસાઇટ પર વર્તમાન વપરાયેલી જર્નલની સોફ્ટ કોપી અપલોડ કરવી.
VI. યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત પ્રશ્ન બેંકનું પુનરાવર્તન અને નવા પ્રશ્નનું ફોર્મેટ નક્કી કરવામાં આવશે.
VII. સંસ્કૃત વિષય માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ કોર્સ (દસ દિવસ) વિકસાવો.
VIII. વિદ્યાર્થીઓ માટે સ્પીકિંગ સંસ્કૃત પ્રમાણપત્ર કોર્સ (2 મહિના) વિકસાવો.
IX. પદાર્થ વિજ્ઞાનમાં શ્લોક પુસ્તક ન બનાવવાનું સૂચન કરવું.
X. યુનિવર્સિટીની વેબસાઇટ પર સંહિતા અધ્યાયન 1 ના શ્લોક પુસ્તક માટે શીર્ષક પૃષ્ઠ, પ્રમાણપત્ર અને સૂચનાઓ અપડેટ કરો.
XI. પ્રેક્ટિકલ પરીક્ષા માટે સ્પોટિંગ માર્ગદર્શિકા બનાવવી અને તેને યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં મોકલવી.
XII. પ્રેક્ટિકલ પરીક્ષા માટે પ્રેક્ટિકલ કેવી રીતે ચલાવવું તે અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા નક્કી કરવા.
XIII. સંહિતા અધ્યાયન 2 જર્નલનું નિર્માણ કરવું.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

(2) બોર્ડ ઓફ રચનાશારીર:

I. વોટ્સએપ ગ્રુપ તૈયારી.
II. યુનિવર્સિટી પુસ્તક રચના માટે ગાઇડલાઇન તૈયાર કરો.
III. સમિતિ યુનિવર્સિટી પુસ્તક રચના માટે તૈયાર હોવી જોઈએ.
IV. 2 ROTP અને 1 CME વર્ષ ગોઠવવું જોઈએ.
V. ગર્ભવિજ્ઞાન, માઇક્રો એનાટોમી અને ક્લિનિકલ એનાટોમી જેવા વિષયની ઊંડાઈ નક્કી કરવી જોઈએ.
VI. શિક્ષકોએ શરીરરચનાને લગતી વિવિધ ક્લિનિકલ સમસ્યાઓ વ્યવહારીક રીતે દર્શાવવી જોઈએ.
VII. જો હિસ્ટોલોજી સ્લાઇડ્સ ઉપલબ્ધ ન હોય તો હિસ્ટોલોજીના મૂળભૂત જ્ઞાન મેળવવા માટે હિસ્ટોલોજી ચિત્રોનો ઉપયોગ કરવો જોઈએ.
VIII. શિક્ષકોએ મર્મા શરીર અનુસાર શબનું વિચ્છેદન કરવાનો પ્રયાસ કરવો જોઈએ.
IX. રચનાશારીર માટે યુનિવર્સિટીના પુસ્તકનો ખ્યાલ અભ્યાસક્રમના આયુર્વેદિક વિષયો પૂરતો મર્યાદિત રહેશે.
X. પરીક્ષાના હેતુસર આધુનિક અને આયુર્વેદિક પ્રશ્નો NCISM દ્વારા આપવામાં આવેલા સંદર્ભ પુસ્તકોની બહાર પૂછવા જોઈએ નહીં.
XI. એપ્લાઇડ એનાટોમિકલ પાસાઓના વધુ સારા એક્સપોઝર માટે તમામ કોલેજોમાં ઓપીડી પ્રદાન કરવી જોઈએ.
XII. યુનિવર્સિટી શરીરરચના શિક્ષકો માટે વિચ્છેદન કૌશલ્ય પર તાલીમ હાથ ધરવી જોઈએ.
XIII. શિક્ષકોની શિક્ષણ મુલાકાત અન્ય કોલેજમાં થવી જોઈએ.

(3) બોર્ડ ઓફ ક્રિયાશારીર:

I. વૈદ્ય સુનિલ રાપોલુ, સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ ને કન્વીનર તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ છે.
II. GAU, ક્રિયાશારીર વિષયના શિક્ષકોનુ official WhatsApp group અને Email બનાવવું
III. ક્રિયાશારીર વિષયનું પ્રશ્ન બેંક અપડેટ કરવી
IV. ક્રિયાશારીર વિષયનું Journal અપડેટ કરવી
V. ક્રિયાશારીર વિષયનું NCISM syllabus અનુસાર book publish કરવા માટે પ્રેરીત કરવી
VI. ક્રિયાશારીર વિષયનું NCISM syllabus ને વધુ વિકસિત કરવા માટે જરૂરી લાગતાં સૂચનો શિક્ષકો દ્વારા મંગાવીને અપડેડ કરાવા યોગ્ય માધ્યમ દ્વારા કાર્યાવાહી કરાવી.
VII. ક્રિયાશારીર વિષયનું ROTPનું આયોજન કરાવું
VIII. ક્રિયાશારીર વિષયનાં વિવિધ વિષયવાર Guest Lecturersનું આયોજન કરવું.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar

(4) બોર્ડ ઓફ દ્રવ્યગુણ વિજ્ઞાન:

I. બોર્ડ ઓફ સ્ટડીઝ સાથે સંબંધિત વિવિધ બાબતોની યોજના બનાવવા અને આગળ વધવા માટે કન્વીનર બનાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું. તેથી, આજે બોર્ડ ઓફ સ્ટડીઝની કમિટી એ ડો.મનોજ ટિમ્બડિયા કન્વીનર બનશે એવુ નક્કી કરવામાં આવે છે.

II. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા સાધનોની લઘુત્તમ સૂચિ સૂચવવી જોઈએ. NCISM દ્વારા નવા DG અભ્યાસક્રમ મુજબ પ્રેક્ટિકલ કરવા માટે ઓછામાં ઓછા જરૂરી સાધનોની તૈયારી માટે ડૉ.યોગેશ દેસાઈને જવાબદારીઓ સોંપવામાં આવી છે.

III. નવી પ્રશ્નપત્ર પેટર્ન મુજબ પ્રશ્ન બેંક તૈયાર કરવા કરવા માટે કોઓર્ડિનેટરની જવાબદારીઓ ડો.જાની, ડો.યોગેશ, ડો.નેહાને સોંપવામાં આવી છે.

IV. તમામ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી DG શિક્ષકોનું એક સોશિયલ મીડિયા ગ્રૂપ બનાવવાની જવાબદારીઓ ડૉ. મનોજ ટીમબડિયાને સોંપવામાં આવી છે.

V. નવા અભ્યાસક્રમ મુજબ DG પાઠ્યપુસ્તકોના પ્રકાશનનું આયોજન કરવું.

VI. પ્રેકટિકલ રેકોર્ડ ફોર્મેટ, રેકોર્ડ બુકની સંખ્યા અને માર્કસ વિતરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં, સમિતિએ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને વિનંતી કરી છે કે તેઓ NCISMમાં આ અંગે સ્પષ્ટતા કરે.

VII. સમિતિએ કોમન પીપીટી, વિડીયો લેક્ચર અને ટાઈમ ટેબલ તૈયાર કરવા સૂચન કર્યું છે.

VIII. ઓછામાં ઓછા 1 રાજ્યની વનસ્પતિ ક્ષેત્રની મુલાકાતનું આયોજન કરવું.

IX. વર્ષમાં ઓછામાં ઓછા એક વખત DG વિષય માટે ROTP અને CMEનું આયોજન કરવું જોઈએ.

X. દવાઓની સંખ્યા ઓછામાં ઓછી 200 સુધી વધારવી જોઇએ.

XI. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા સેન્ટ્રલાઇઝ્ડ વિદ્યાર્થીઓની હાજરી સિસ્ટમ લાગુ કરવી જોઈએ.

XII. કમિટી નવા DG અભ્યાસક્રમ અંગે અન્ય ટેકનિકલ સૂચનો અને સુધારાની વિગતો સબમિટ કરશે.

(5) બોર્ડ ઓફ રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના:

I. રસશાસ્ત્ર બોર્ડ ઓફ સ્ટડીઝના સંકલન કામગિરી માટે વૈદ્ય રાહુલ શીંગડીયાને સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે. તેઓ જનરલ વોટ્સ એપ ગ્રુપના એડમીન તરીકેની કામગિરી કરશે.

II. રસશાસ્ત્ર બોર્ડ ઓફ સ્ટડીઝ અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજના રસશાસ્ત્રના અધ્યાપક એમ બે વોટ્સ એપ ગ્રુપ બનાવવામાં આવશે જેમા મૂળ મુદ્દાઓની પ્રથમ ગ્રુપમાં ચર્ચા વિચારણા બાદ બીજા ગ્રુપમાં અમલીકરણ માટે મૂકવામાં આવે તેવુ નક્કી કરવામાં આવેલ.

III. પ્રેકટીકલ સીલેબસ અનુસાર સંલગ્ન કોલેજમાં એક સરખી રીતે થાય તે માટે ચર્ચાના અંતે પ્રેકટીકલ લિસ્ટ ફાઇનલ કરી આ સાથે સામેલ કરેલ છે.૧. રસશાસ્ત્ર પ્રેકટીકલ - ૨૪ ૨, ભૈષજ્ય કલ્પના - ૪૦ ૩, ક્વોલીટી પેરામીટર - ૧૦ અને ૪. કોસ્મેટીક પ્રેકટીકલ- ૧૦ એમ કુલ ૮૪.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

IV. પ્રેક્ટીકલ ફ્રોર્મેટ NCISM દ્વારા આપવામાં આવનાર છે જો ન આપે તો ઓકટોબરના સપ્તાહમાં રસશાસ્ત્ર બોર્ડ ઓફ સ્ટડીઝ દ્વારા તૈયાર કરવામાં આવશે તેવુ નક્કી કરવામાં આવેલ.

V. કોસ્મેટીક પ્રેક્ટીકલ્સ માટેના શાસ્ત્રોક્ત રેફરન્સ નક્કી કરવામાં આવેલ અને આ અંગેના સ્ટાન્ડર્ડ્સ મેથડ માટે આયુર્વેદ ફાર્મસી કોલેજ, જામનગર ખાતે તૈયાર કરવા નક્કી કરવામાં આવેલ.

VI. યુ.જી. લેવલને ધ્યાનમાં રાખી સીલેબસ અનુસાર બુક તૈયાર કરવા અને તે માટે અન્ય પાંચ અધ્યાપકોને સામેલ કરવાનું નક્કી કરવામાં આવેલ અને તેમા પરીક્ષાલક્ષી માર્ક્સને ધ્યાનમાં રાખવામાં આવે તેવુ નક્કી કરવામાં આવેલ.

VII. સીલેબસ અનુસાર પ્રશ્નબેંક તૈયાર કરવી અને યુનિવર્સિટી પરીક્ષા પેપર તેમાંથી જ તૈયાર થાય તેવુ નક્કી કરવામાં આવેલ.

VIII. સીલેબસ અનુસાર મીનીમમ લેકચર, ૧ નોન લેકચર અને ૨ પ્રેકટીકલ સપ્તાહમાં રાખવામાં આવે તેવુ નક્કી કરવામાં આવેલ.

IX. રસશાસ્ત્ર બોર્ડ ઓફ સ્ટડીઝની દર મહિને ઓન લાઇન મીટીંગ કરવામાં આવશે અને નવા સીલેબસના પ્રશ્નોનું સર્વાનુમતે સમાધાન કરવામાં આવશે. અને આવશ્યક જણાય તો સંલગ્ન કોલેજોની પણ કરવામાં આવશે.

X. પ્રત્યેક પ્રોફેશનલ દીઠ એક સીએમઈ/ આર.ઓ.ટી.પી./ વર્કશોપ ગુજ.આયુ.યુનિ.,જામનગર દ્વારા આયોજન થવો જોઇએ એવુ નક્કી કરવામા આવ્યુ.

XI. રસશાસ્ત્ર- ભૈષજ્ય કલ્પનાનો બ્લોગ/ યુ ટ્યુબ/ ટ્વીટરના માધ્યમથી પ્રચાર-પ્રસાર થવો જોઇએ અને એ મુજબનુ ખાતુ યુનિવર્સિટીનાં માધ્યમથી ખોલવુ જોઇએ એવુ નક્કી કરવામાં આવ્યુ.

(6) <u>બોર્ડ ઓફ અગદતંત્ર અને વિધિવૈદ્યક:</u>

I. કોર્સની સામગ્રી અને વિષયોની સૂચિ પર વિગતવાર ચર્ચા. સંબંધિત વિષય માટે ચિંતા કરી શકાય તેવી પ્રવૃત્તિઓ પર ચર્ચા કરવામાં આવે છે.

II. પ્રેક્ટિકલના શીખવાના ઉદ્દેશ્યો પર ચર્ચા કરવામાં આવેલ. પ્રેક્ટિકલ અને પ્રવૃત્તિઓ માટે જર્નલ ફોર્મેટની ચર્ચા કરવામાં આવી છે.

III. અગદતંત્ર પ્રવૃત્તિઓ માટે કેલેન્ડર તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

IV. NCISM અભ્યાસક્રમ મુજબ સંદર્ભ પુસ્તકોની યાદીમાં વધારાના અન્ય પુસ્તકો ઉમેરવામાં આવશે.

V. વૈદ્ય નિશાંત બારાપત્રેને અગદતંત્રના કન્વીનર તરીકે નક્કી કરવામાં આવે છે.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

(7) બોર્ડ ઓફ સ્વસ્થવૃત્ત:

I. બોર્ડ ઓફ સ્વસ્થવૃત્તની રચના બાદ પ્રથમ સભામાં બોર્ડના કન્વીનર તરીકે જસ્મીન વિરમગામીની નિયુક્ત કરવામાં આવી.
II. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર સંલગ્ન કોલેજોનાં તમામ સ્વસ્થવૃત્ત પ્રાધ્યાપકોનાં સંકલનાર્થ એક વોટ્સ એપ ગ્રુપની રચના કરવામાં આવી.
III. NCISM દ્વારા નિર્ધારિત પાઠયક્રમ આધારિત પ્રાત્યક્ષિક પરીક્ષા માટે એક્ષ્ટર્નલ અને ઇન્ટર્નલ પરીક્ષક માટે સંભવિત ગુણ વિભાજન તૈયાર કરવામાં આવ્યું.
IV. NCISM દ્વારા નિર્ધારિત પાઠયક્રમ અનુસંધાને સિલેબસનાં વિવિધ મુદ્દાઓનું શાસ્ત્રીય તેમજ પ્રાત્યક્ષિક અધ્યાપન અંગે વિશદ ચર્ચા કરવામાં આવી.
V. પ્રાત્યક્ષિક અધ્યાપન માટે આવશ્યક જર્નલ તેમજ રેકર્ડ માટે પ્રારૂપ તૈયાર કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું તેમજ તે કામગિરીની વહેંચણી કરવામાં આવી.

(8) બોર્ડ ઓફ રોગનિદાન અને વિકૃતિવિજ્ઞાન:

I. એક અઠવાડિયાની અંદર જીએયુની દરેક સંલગ્ન કોલેજોમાંથી રોગનિદાનની તમામ ફેકલ્ટીનું એક વોટ્સએપ ગ્રુપ બનાવો.
II. સંભવતઃ 2 અઠવાડિયાની અંદર દરેક નિદાનિયનોની સંમતિ સાથે એક ઓનલાઈન મીટિંગ યોજાશે.
III. ઓનલાઈન મીટિંગ દરમિયાન તમામ સહભાગીઓ વચ્ચે ટોપિકસનાં કલાકોનું વિભાજન લેકચર, નોન-લેકચર સિવાયના કલાકોમાં થિયરી-પ્રેક્ટિકલ રોડ મેપ મૂકવામાં આવશે/ચર્ચા કરવામાં આવશે.
IV. શિક્ષણશાસ્ત્રના પ્રથમ 2 મહિનાના કુલ આયોજનની ચર્ચા કરવામાં આવશે અને દરેકને વિષયો અને સામયિક મૂલ્યાંકનમાં એકરૂપતા જાળવવા માટે કહેવામાં આવશે.
V. પ્રથમ 2 મહિના દરમિયાન આવરી લેવાના વિષયોના PPTs સામગ્રીની તૈયારી, MCQs, SAQs અને LAQs વિષયોને પ્રથમ 2 મહિના દરમિયાન આવરી લેઇને તમામ રોગનિદાન ફેકલ્ટીઓમાં વહેંચવામાં આવશે.
VI. તમામ સંલગ્ન કોલેજોમાં પ્રથમ સામયિક મૂલ્યાંકન એકસમાન રીતે હાથ ધરવામાં આવશે તેની ખાતરી કરવા પ્રયાસો કરવામાં આવશે.
VII. વૈદ્ય નિર્મલકુમાર આલોદરીયાને રોગનિદાનના કન્વીનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
VIII. પ્રત્યેક પ્રોફેશિલ દીઠ એક સીએમઈ/ આર.ઓ.ટી.પી./ વર્કશોપ ગજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર દ્વારા આયોજિત થવો જોઈએ એવું નક્કી કરવામાં આવ્યુ છે.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

(9) **બોર્ડ ઓફ કાયચિકિત્સા:**

I. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કાયચિકિત્સાના તમામ શિક્ષકોને બોર્ડ ઓફ સ્ટડીઝ અંગે જાણ કરવાની રહેશે.
II. વૈદ્ય જતીન વ્યાસને કન્વીનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
III. કન્વીનર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના અન્ય શિક્ષકો સાથે બોર્ડ ઓફ સ્ટડીઝ અંગે ચર્ચા કરશે.
IV. કંપાઇલેશન / ચાર્ટ્સ પ્રાત્યક્ષીક પરીક્ષામાં ફરજીયાત કરવા અને તેના માર્ક્સ નક્કી કરવા.
V. ભવિષ્યમાં આવનારા સિલેબસમાં એલોપેથી ના મુદ્દાઓનું ભારણ ઓછું કરવું.
VI. યોગ -નેચરોપેથી-નેશનલ હેલ્થ મિશન જેવા મુદ્દાઓનો સમાવેશ જો સ્વસ્થવૃત વિભાગના સિલેબસમાં કરેલ હોય તો કાયચિકિત્સાના સિલેબસમાં ન કરવો.
VII. નવા અભ્યાસક્રમ અંગેના સૂચનો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના તમામ શિક્ષકો પાસેથી લેવા જોઈએ.
VIII. થિયરી પેપરમાં શ્લોક પૂર્તિ સંબંધિત પ્રશ્ન ચરક ચિકિત્સા સ્થાનનો હોવો જોઈએ.
IX. જર્નલમાં આયુર્વેદિક પરિભાષાનો ઉપયોગ કરવો જોઈએ.
X. 20 ફોર્મની શોર્ટ કેસ જરનલ બનાવવી જોઈએ.
XI. જર્નલમાં ભરવાના થતાં ફોર્મ ની સંખ્યા ટર્મ મુજબ નિશ્ચિત કરવી.
XII. થિયરી પેપરમાં ચરક ચિકિત્સા સ્થાનમાંથી મહત્તમ પ્રશ્નો લેવા જોઈએ.
XIII. ચિકિત્સા સૂત્ર અને જે તે રોગના કાર્ડીનલ સાઇન પર થિયરીમાં ભાર આપવો.
XIV. અભ્યાસક્રમમાં સામાન્ય રીતે વપરાતા ફોર્મ્યુલેશનનો સમાવેશ થવો જોઈએ.
XV. રોગનિદાન સંબંધિત મુદ્દાઓ કે જે પહેલાથી જ અભ્યાસક્રમમાં આવરી લેવામાં આવ્યા છે તે બાકાત રાખવા જોઈએ અને ડીસીઝનું વિગતવાર વર્ણન શામેલ કરવું જોઈએ.
XVI. કાયચિકિત્સા શિક્ષકો માટે વર્ષમાં ઓછામાં ઓછા એક CME અને એક ROTP ની વ્યવસ્થા કરવી જોઈએ.
XVII. તમામ રોગોના પથ્યાપથ્ય પર ભાર આપવો જોઈએ.

(10) **બોર્ડ ઓફ પંચકર્મ:**

I. વૈદ્ય રાજદીપ રાજેશભાઈ રાવને કન્વીનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
II. જર્નલ્સના માર્કસ અથવા વજનમાં વધારો.
III. જર્નલ્સમાં સુધારા કરવા જોઈએ અને કર્મની સંખ્યા 25ને બદલે 40 સુધી વધારવી જોઈએ.
IV. જર્નલ ફોર્મ અને શીર્ષકો વધુ સંક્ષિપ્ત અને વધુ ડેટા બેઝ સાથે તારણ કાઢવું.
V. વિદ્યાર્થીઓની ક્લિનિકલ તાલીમ અને પ્રવાસનું આયોજન કરવામાં આવશે.
VI. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના તમામ પંચકર્મ ફેકલ્ટીઓ માટે વોટ્સએપ ગ્રુપ અને ગૂગલ ફોર્મ બનાવવામાં આવશે.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

VII. વિષયના જ્ઞાનને સમૃદ્ધ બનાવવા અને વિષયની ચર્ચાના સંદર્ભમાં માઉટરી વિડિયો કોન્ફરન્સ યોજી શકાય છે.
VIII. ROTP વિવિધ સંસ્થા દ્વારા આયોજન કરી શકાય છે.
IX. પુરાવા આધારિત માહિતી સંગ્રહ કરવી.
X. દરેક પ્રકિયાની SOP કરવી.
XI. ગુણવત્તા આધારે પરીક્ષા પેપરની રચના અને માર્ક વિતરણ.
XII. આદર્શ જવાબની ચાવી.
XIII. MCQ બુક.
XIV. પંચકર્માની કટોકટી અને તેનું સંચાલન કરવું.

(11) <u>બોર્ડ ઓફ પ્રસુતિતંત્ર અને સ્ત્રીરોગ:</u>

I. વૈદ્ય યોગેશ મનાણીને કન્વીનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
II. ભાવિ સંચાર માટે વોટ્સ એપ ગ્રુપની રચના કરવામાં આવી.
III. આગામી અભ્યાસક્રમના માળખાની ચર્ચા કરવામાં આવી છે.
IV. અભ્યાસક્રમના આયુર્વેદ અને આધુનિક વિષયો આયુર્વેદ અને આધુનિક શબ્દો દ્વારા સ્પષ્ટતા કરવાની છે.
V. પ્રેકટીકલ, ઔષધિ, સાધનો વગેરે માટે સમાન ફોર્મેટ.
VI. અભ્યાસક્રમની અગાઉની વિગતો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અંતર્ગત આયુર્વેદની દરેક સંસ્થાને મોકલવી.
VII. દરેક બોર્ડ ઓફ સ્ટડીઝનાં બોર્ડની મીટિંગની મિનિટ્સ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અંતર્ગત આયુર્વેદની દરેક સંસ્થાને વિતરિત કરવામાં આવશે.

(12) <u>બોર્ડ ઓફ કૌમારભૃત્ય:</u>

I. પાંચ સભ્ય માંથી એક સભ્ય ડો. કિંજલ પંચાલ કન્વીનર તરીકે નક્કી થયેલ છે.
II. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને લગતી બધી જ કોલેજના કૌમારભૃત્ય ફેકલ્ટીનું ગ્રુપ બનાવી વિગતો એકત્ર કરવી.
III. અભ્યાસક્રમની એકરૂપતા માટે 2013-14 માં થયેલા અભ્યાસક્રમના વર્કના ડોક્યુમેંટ યુનિવર્સિટી માંથી એકત્ર કરી તમામ કોલેજોને મોકલવા.
IV. શૈક્ષણિક મેથોડોલોજીમાં મલ્ટી મીડિયાનો મહત્તમ ઉપયોગ કરવો.
V. અભ્યાસક્રમના જે તે વિષયોના જ્યાં પણ શક્ય હોય ત્યાં કાશ્યપ સંહિતાનો પ્રથમ રેફરન્સ બુક તરીકે ઉપયોગ કરવો.
VI. પ્રેક્ટિકલ જર્નલમાં એક સર્ટીફિકેટ ઉમેરવું, જેમાં વિદ્યાર્થીએ કરેલ ક્લીનિકલ વર્ક, પંચકર્મ પ્રોસીજર, એન.આઈ.સી.યુ. મુલાકાત વગેરે વર્ષ દરમિયાન કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવું.
VII. ઈમરજન્સી પીડિયાટ્રિક્સ ટ્રેનીંગ - વિદ્યાર્થીઓ માટેના અનુસંધાને ROTP/Seminar/Workshop નું આયોજન કરવું.
VIII. ક્લિનિકલ એક્ઝામિનેશન માર્કસ ડિવિઝન (out of total 50 Marks)–

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155

20 Marks - Clinical Form - 05 marks – Clinical skills related to clinical case given

05 marks – Clinical form writing

10 marks – Understanding of clinical condition

10 marks - Journal forms

15 marks – Viva Voice

10 marks – General Viva

5 marks – Viva from Clinical / Activity / participation in National Programmes etc.

5 marks – Spotting – Specimen of medicine/drug, instruments, Models, X-ray etc.

IX. કૌમારભૃત્ય પરીક્ષકનું લીસ્ટ તૈયાર કરવું. પરીક્ષા પેનલમાં કૌમારભૃત્ય વિષયના શિક્ષકને પ્રાધાન્ય, તે ઉપલબ્ધ નથી તો જ એલાઈડ કૌમારભૃત્ય શિક્ષકને ફરજ આપો.

(13) બોર્ડ ઓફ શલ્યતંત્ર:

I. 2 ROTP અને CME ની વાર્ષિક યોજના.
II. શિક્ષકો માટે લેપ્રોસ્કોપિક સર્જરીનો એક દિવસીય વર્કશોપ.
III. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોની તમામ શલ્યતંત્ર ફેકલ્ટીના શિક્ષકોના બ્લોગ્સ અને વોટ્સએપ ગ્રુપ બનાવવા.
IV. મોડ્યુલ અને સિમ્યુલેશન અને સર્જિકલ પ્રક્રિયાઓ.
V. શલ્યતંત્રની નૈતિક સંહિતા આચાર અને અભ્યાસક્રમમાં તબીબીશાસ્ત્રીય પાસાઓ ઉમેરવા.

(14) બોર્ડ ઓફ શાલાક્યતંત્ર:

I. દરેક કોલેજના શાલાકયતંત્ર વિભાગમાંથી OPD માટે જરૂરી સાધન-સામગ્રી (diagnostic instruments etc.), O.T. અને જરૂરી બેજીક સુવિધાઓ, ક્રિયાકલ્પ રૂમ અને તેમાં જરૂરી બેજીક સુવિધાઓ, સાધન-સામગ્રી, તેમજ સહાયક કર્મચારી (સ્ત્રી&પુરૂષ)ની માંગણી મુકવી.
II. ક્રિયાકલ્પમાં જરૂરી ઔષધ નિર્માણ (રસશાસ્ત્ર અને દ્રવ્યગુણ વિભાગના માર્ગદર્શન હેઠળ) કરવા માટે જરૂરી ઔષધોનું લીસ્ટ તૈયાર કરવું અને તે મુજબ ઔષધ નિર્માણ કરાવવા.
III. શાલાકયતંત્ર વિષય અંતર્ગત વાર્ષિક કમ સે કમ ૬ લેકચર્સનું આયોજના કરવું. (જેમ કે,રચનાશારીર, ક્રિયાશારીર, રસશાસ્ત્ર, દ્રવ્યગુણ, પ્રસૂતિતંત્ર & સ્ત્રીરોગ,કૌમારભૃત્ય, કાયાચિકિત્સા, શલ્યતંત્ર).
IV. શાલાકયતંત્રમાં એકેડેમિક કેલેન્ડરનું નિર્માણ કરવું તેમજ તેમાં આપવતાં વિવિદ્ય સ્વાસ્થ્ય સંબંધિત દિવસની ઉજવણી કરવી તેમજ તે માટે આયુર્વેદીક થીમ નક્કી કરી અને વિવિદ્ય પ્રાગોમ માટેનું આયોજન કરવું.
V. શાલાકયતંત્ર અંતર્ગત થતાં તમામ કર્મોના S.O.P. યુકત સ્ટાન્ડર્ડ વિડિયો બનાવવા.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar

VI. જાલંધરબંધની ટ્રેઈનીંગ શાલાકયનાં શિક્ષકોને મળી રહે તે હેતુથી કેમ્પનું આયોજન કરવું.

VII. ટીચર ટ્રેનિંગ પ્રોગામનું આયોજન ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા કરાવડાવવું.

VIII. શાલાકયતંત્ર વિષય અંતર્ગત સ્વાસ્થયરક્ષા હેતુ માસિક 1 આર્ટીકલ વારાફરતી દરેક કોલેજમાંથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવા.

IX. શાલાકય વિષયના અભ્યાસક્રમ અને જનર્લમાં સુધારા-વધારા માટે દરેક પ્રાધ્યાપકનાં મંતવ્યાં લેવા.

X. દરેક કોલેજમાં શાલાકય વિભાગમાં ચાર્ટ અને સંકલન બનાવડાવવા તેમજ તેમાં સામાન્યપણું જળવાય તે હેતુથી વિષયોનાં લીસ્ટ તૈયાર કરવા.

XI. શાલાકય વિષય અંતર્ગત ઉપયોગમાં આવતાં સાધનોમાંથી જરૂરી સાધનોની યાદી તૈયાર કરવી કે જેનું સામાન્યજ્ઞાન વિદ્યાર્થીઓનું હોવું જરૂરી છે.

XII. ડિસેમ્બર-2023 માં શાલાકયતંત્રમં તમામ શિક્ષકોની સામાન્ય સભાનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરાવડાવવું.

XIII. શાલાકયતત્રના શિક્ષકો દ્વારા માસિક 1-2 લેકચરનું આયોજન લોકજાગૃતિ અર્થે યુનિવર્સિટી અને બાયસેગ ના માધ્યમથી કરવું.

પ્રમુખશ્રીના આભાર સાથે સભાનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું.

આદેશથી,

(ડૉ. એ. પી. ચાવડા)
ઇ.કુલસચિવ

બિડાણ: ઉપર મુજબ

**રજિસ્ટર્ડ એ.ડી./ઇ-મેલ**

નં.એકેડે/બોર્ડ ઓફ સ્ટડીઝ/2023-24/ 2149 તા.18-10-2023

પ્રતિ,

બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્યોશ્રીઓ તરફ.....

**નકલ રવાના:**

1. પી.એસ. ટુ વી.સી.
2. પી.એ. ટુ રજિસ્ટ્રાર
3. પરીક્ષા શાખા.

Gujarat Ayurved University ACADEMIC Jamnagar



Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008. (Gujarat) India
Email : academic@ayurveduniversity.com Web : www.ayurveduniversity.edu.in (O) : 0288-2555155